# જાહેરાત

સકલિત બાળ વિકાસ યોજના (ICDS) અંતર્ગત આઈ.સી.ડી.એસ.શાખા,મહાનગરપાલિકા જામનગર દ્વારા કાર્યરત જામનગર મહાનગરપાલિકાના આંગણવાડી કાર્યકર/તેડાગરની જગ્યાઓ અંગે ઓનલાઈન ભરતી માટેની જાહેરાત સને.૨૦૨૩/24

---

આઈ.સી.ડી.એસ. શાખા,મહાનગરપાલિકા ઘટક-૧/૨ હસ્તકના ઘટકોની આંગણવાડી કેન્દ્રોમા આંગણવાડી કાર્યકર/તેડાગરની માંનદવેતન થી નિમણુક કરવાની થતી હાલની ખાલી જગ્યાઓ તથા સંભવિત ખાલી જગ્યાઓની વિગત

(અરજી માટે વેબસાઈટ http://e-hrms.gujrat.gov.in)

| તાલુકાની સખ્યા | ઘટક ની સખ્યા | આંગણવાડી કાર્યકરની હાલની ખાલી જગ્યા /સંભવિત ખાલી જગ્યા | આંગણવાડી તેડાગરની હાલની ખાલી જગ્યા /સંભવિત ખાલી જગ્યા |
|---|---|---|---|
| ૧ | ૨ | ૨૨ | ૪૨ |

- મહિલા ઉમેદવારે જે તે આંગણવાડી કેન્દ્ર વિસ્તારની સ્થાનિક રહેવાસી હોવી જોઈએ તથા તે અંગેની મામલતદારશ્રી દ્વારા ઇસ્યુ કરેલ જન સેવા કેન્દ્રનુ નિયત નમૂનાનુ પ્રમાણપત્ર જ માન્ય રહેશે.
- અરજી કરવાની છેલ્લી તારીખને કટ-ઓફ ડેટ ગણવામાં આવશે.અરજી કરવાની છેલ્લી તારીખે અરજદારની ઉંમર શૈક્ષણિક લાયકાત અને અન્ય નિયત લાયકાત માટેના માપદંડ પૂર્ણ થયેલા હોવા જોઈએ.
- આંગણવાડી કાર્યકર /તેડાગરની માનદસેવામાં પસંદગી માટે અરજી કરનાર મહિલા અરજદારની ઉંમર અરજી કરવાની છેલ્લી તારીખે ૧૮ વર્ષ પૂર્ણ હોવી જોઈએ અને ૩૩ વર્ષથી વધુ ન હોવી જોઈએ.અગ્રતા ધોરણે આંગણવાડી કાર્યકર તરીકે માનદસેવામા પસંદગી માટે અરજી કરનાર તેડાગરની ઉંમર અરજી કરવાની છેલ્લી તારીખે ૪૩ વર્ષથી વધુ ન હોવી જોઈએ.
- અરજી માટે વેબસાઈટ http://e-hrms.gujrat.gov.in ઉપર દર્શાવેલ સૂચનાઓ અને નિયમો વાચીને અંગ્રેજીમાં ફોર્મ ભરવાનુ રહેશે.ઓનલાઈન અરજી જાહેરાત પ્રસિદ્ધ થયાથી દિન ૨૩ મા તા.૦૭/૧૧/૨૦૨૩ (રાત્રે ૧૨:00 કલાકે (તા.૦૮/૧૧/૨૦૨૩ થી શરૂ) તા.30/૧૧/૨૦૨૩ (રાત્રે ૧૨:00 કલાક)સુધીમાં કરવાની રહેશે.
- ઓનલાઈન અરજી http://e-hrms.gujrat.gov.in વેબસાઈટમા આપેલ વિગતો પ્રમાણે કરી શકાશે .આંગણવાડીની ખાલી જગ્યાઓમાં અરજી કરવા માટે જે તે આંગણવાડી કેન્દ્રને પસંદ કરી આંગણવાડી કાર્યકર/તેડાગર માટે અરજી કરવાની રહેશે.
- આંગણવાડી કાર્યકર-૧૦,૦૦૦/-,આંગણવાડી તેડાગર-૫૫૦૦/-,ને મળતુ માનાદવેતન પ્રમાણે માનદસેવામા પસંદગી માટે સામાન્ય શરતો મુજબની લાયકાત ઉંમર અને શૈક્ષણિક લાયકાત ધરાવતા ઉમેદવારોની ઓનલાઈન મેરીટ યાદી બનાવવામા આવશે.આંગણવાડી કાર્યકર અને આંગણવાડી તેડાગરની શૈક્ષણિક લાયકાત અનુક્રમે ધો.૧૨ પાસ અને ધો.૧૦ પાસ છે .જો કે વધુ લાયકાત ધરાવતા ઉમેદવાર અરજી કરી શકશે.શૈક્ષણિક લાયકાત અને પ્રાપ્ત ગુણના ભારાક અન્વયે મેરીટ યાદી તૈયાર થશે.ખાલી જગ્યા ભરવા માટે વિચારણા હેઠળના આંગણવાડી કેન્દ્રવાર ઓનલાઈન મેરીટ યાદી નિયત પદ્ધતિ અનુસરીને જાહેર કરવામાં આવશે.
- ઉપરોક્ત ખાલી જગ્યા પૈકી આ.કેન્દ્રો આ.વા.કાર્યકર ,અને આ.વા.તેડાગર માટે ભરતીનો ત્રીજો પ્રયત્ન છે તેવા કેન્દ્રોનો પણ સમાવેશ કરવામાં આવેલ છે.
- આ માટેની અરજી કરવાની પદ્ધતિ અને માર્ગદર્શિકા ઉપરોક્ત વેબસાઈટ ઉપર ઉપલબ્ધ છે.જે ધ્યાન પૂર્વક વાચી તથા સમજીને ઓનલાઈન આવેદન કરવાનું રહેશે. ઓનલાઈન આવેદન કરતી વખતે તમામ વિગતો નિયમોનુસાર સાચી અપલોડ કરવામા આવતા ડોક્યુમેન્ટ સુવાચ્ય અને નિયત નમુના અનુસારના હોવા જોઇશે.જો કોઈ પણ સ્તરે અરજદાર દ્વારા આપવામાં આવેલ વિગતો ખોટી અથવા અસ્પષ્ટ હશે તો તેઓની અરજી રદ કરવાને પાત્ર થશે અને આ અંગે કોઈ રજૂઆત ધ્યાને લેવામાં આવશે નંહિ જેની ખાસ નોંધ લેવી.
- વધુ માહિતી માટે જામનગર કોર્પોરેશનના સબધિત વોર્ડ ના બળ વિકાસ યોજના અધિકારી (ICDS ).મહાનગર પાલિકાનો સંપર્ક કરવો.

8/11

કમિશ્નરશ્રી

જામનગર મહાનગરપાલિકા

તા. /૧૧/૨૦૨૩

81C